વડીલોને વંદન અભિનંદન

પુષ્પકરાય જયશંકર પાઠક
(૧૯૨૯)ફોન: ૨૩૨૨૮૪૯૩

ગિયોડ નજીક હાઈવે પર કાર અકસ્માત સર્જાતા એકનું મોત : ચાર ઘાયલ

કાર ડિવાઈડર ઓળંગી પલટી ખાતાં ગંભીર અકસ્માત સર્જાયો : સ્કોર્પીયો કારના ફુરચા ઉડી ગયા

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકથી માત્ર સાત કિ.મી. દૂર ગિયોડ પાટિયા પાસે સાંજના સુમારે ચિલોડાથી હિંમતનગર જવાના હાઈવે માર્ગ પર બે કાર ગંભીર અકસ્માતમાં ડિવાઈડર ઓળંગી કાર બીજા માર્ગ પર આવતાં બીજી કારને ટકરાતાં ગંભીર અકસ્માતમાં એકનું કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં બેઠેલ અન્ય ચાર વ્યક્તિઓને નાની-મોટી ઈજા પહોંચતા દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

આ ગંભીર અકસ્માત અંગે મળતી વિગતો મુજબ હિંમતનગરથી ચિલોડા તરફ આવતી જી.જે.૬-ઈ.ડી.-૮૭૮૬ સ્કોર્પિયો કારમાં પાંચ વ્યક્તિઓ બેસીને આવતાં હતા ત્યારે આ કારને ઓવરટેક કરવા જતાં બીજા વાહનને બચાવવા જતાં આ કાર ડિવાઈડર ઓળંગી રોંગ સાઈડમાં કુદી પલટી ખાઈ ગઈ હતી. આ સમય દરમ્યાન ચિલોડાથી હિંમતનગર આવતી બીટ એલ.એલ.જી.કે-૯-બી.એ.-૩૭૧૪ નંબરની કાર સાથે અથડાતાં આ કાર લીમડાના ઝાડ સાથે અથડાઈ હતી. જેમાં હિંમતનગર મહેતાપુરા ખાતે રહેતા કારચાલક કશ્યપ પંડ્યાએ બચવા માટે કારને જોરદાર પ્રયત્ન કર્યો હતો. આ કારમાં પતિ-પત્ની તરીકે અનિલભાઈ શાહ અને રીટાબેન શાહને ઈજા પહોંચતા તુરત જ ૧૦૮ એમ્બ્યુલન્સમાં દવાખાને લઈ જવાયા હતા.જ્યારે પલટી ખાઈ ગયેલ સ્કોર્પિયો કારમાં પાંચ વ્યક્તિઓ મુસાફરી કરી રહ્યા હતા. તેમાં એકનું ઘટનાસ્થળે કરૂણ મોત નીપજ્યું હતું. જેનું નામ-ઠામ મળ્યું નથી. જ્યારે સ્કોર્પિયો કારમાં શાહનવાઝ કમરૂલજમા પઠાણ રહે. વડોદરા, નાહીરખાન રસીદખાન પઠાણ (રહે. વડોદરા), ફીતમતઅલી યુનુસઅલી પઠાણ રહે. ધોળકા, કલીમખાન અયુબઅલી પઠાણ વગેરે કારમાં મુસાફરી કરી રહ્યા હતા. જેમાં બે જણને ઈજા પહોંચતા દવાખાને લઈ જવાયા હતા. આમ અકસ્માત થતાં ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.સી. ઠક્કર ચારેય સ્ટાફ સાથે ઘટનાસ્થળે આવી યોગ્ય તપાસ હાથ ધરી હતી. જ્યારે છાલા આઉટપોસ્ટના હે.કો. શિરાજી ખાંટ ઘટનાસ્થળે આવી અકસ્માત અંગે તપાસ ચલાવી હતી. આ ઘટના બનતાં લોકોના ટોળેટોળા ઉમટી પડતાં ટ્રાફિકજામ થતાં પોલીસે ભારે જહેમત ઉઠાવી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

રાજભવન સ્ટાફ કવાર્ટર્સમાંથી વેફર લેવા બહાર ગયેલી યુવતી ગુમ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના રાજભવન સ્ટાફ કવાર્ટર્સ ખાતે બ્લોક નં. ૧૧/૨માં રહેતી ૧૯ વર્ષીય યુવતી ચાંદની ઊર્ફે કાજલ નવીનચંદ્ર નારણદાસ પરમાર ગઈકાલે સાંજના સુમારે ઘરેથી શોપીંગમાં વેફર લેવા જવાનું કહીને નીકળી હતી પરંતુ ત્યારબાદ ઘરે પરત ફરી નથી. પરિવારજનોએ કરેલી શોધખોળ બાદ પણ કોઈ સગડ ન મળતા સે-૨૧ પોલીસ મથકે દિકરી ગુમ થયા અંગેની જાણવાજોગ અરજી આપતા સે-૨૧ પોલીસ મથકના પી.એસ.આઈ. સી.બી. ચૌહાણે વધુ શોધખોળ આરંભી છે.

પાલનપુરમાં નિર્માણાધીન બિલ્ડીંગની આગળ ભેખડ ધસી પડતા મહિલા મજુરનું મોત

પાલનપુર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લા પાલનપુર હાઈ-વે સહિતના શહેરી વિસ્તારમાં જુદા જુદા ઠેકાણે મોટા શોપીંગ કોમ્પલેક્ષો અને બંગ્લોઝના નિર્માણ માટે બાંધકામો થઈ રહ્યા છે ત્યારે થોડા દિવસ પહેલા આબુ હાઈ-વે પર સ્કાયલાઈન રેસીડેન્સીનો સ્લેબ તુટી પડતા બે નિર્દોષ મજૂર મહિલાના મોતની ઘટના તાજી છે. ત્યાં તો આજે ફરી ગૌરવ પથ પર સરકારી વસાહત સામે ગુરૂ આશીર્વાદ શોપીંગનું બાંધકામ ચાલુ હતું. દરમિયાન બહારની સાઈટે ભીનાશવાળી માટીની ભેખડ ધસતા એક શ્રમિક યુવક અને યુવતી દટાયા હતા. જેમાં યુવતીનું કરૂણ મોત નિપજ્યું હતું.જ્યારે યુવકને જીવતો બહાર કઢાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર શહેરના હાઈ-વે સર્કલ પર ગૌરવ પથ પર સરકારી વસાહત સામે જૂના બિલ્ડીંગ આશીર્વાદ હોલ તોડી ત્યાં નવું શોપીંગ ગુરૂ આશીર્વાદનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે આજે રવિવારે ચાલુ બાંધકામ દરમિયાન બહારની સાઈટે એક ખૂણામાં ભીનાશ વાળી માટીની ભેખડ ધસતા એક મજૂર યુવક અને યુવતી દટાયા હોવાની ઘટના ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

આ ઘટનાના પગલે કોન્ટ્રોક્ટરોએ તાત્કાલિક તંત્રને જાણ કરતા પોલીસ ૧૦૮ અને જે.સી.બી. મશીન ઘટના સ્થળે આવી ભારે મહેનત બાદ જે.સી.બી.ની મદદથી માટી ખસેડી ૧૮ વર્ષીય જાલુભાઈ ફતાભાઈ ભુરીયાને જીવતો બહાર કાઢ્યો હતો જ્યારે ૧૯ વર્ષીય યુવતી સુશીલા ફતાભાઈ ભૂરીયાનું દટાઈ જવાથી મોત થયું હતું. તેનો મૃતદેહ બહાર કઢાયો હતો. બચાવ કામગીરી બાદ યુવકને વધુ સારવાર અર્થે અને યુવતીના મૃતદેહને પી.એમ. અર્થે નજીકની સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આમ બન્ને મજૂરો મધ્યપ્રદેશના જામ્બુવાન જિલ્લાના હોવાનું જાણવા મળ્યું હતું અને મહિલાના મોતથી તેના સગાઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. આ મામલે પાલનપુર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન આયોજિત નિબંધ સ્પર્ધામાં જૈમિની રાઠોડ પ્રથમ ક્રમે

ગાંધીનગર જિલ્લાના મગોડી ખાતે નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન દ્વારા વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જિલ્લાની દશ શાળાઓમાંથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીઓએ બંને સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જ્યારે ઉચ્ચતર માધ્યમિક વિભાગની નિબંધ સ્પર્ધામાં જૈમિની રાઠોડે પ્રથમ સ્થાન મેળવી શાળા તથા ગામનું ગૌરવ વધાર્યું હતું. તે બદલ શાળા પરિવારે અભિનંદન આપી સિધ્ધિને બિરદાવી હતી.

બોરીયા-સીતવાડા ખાતે બ્રહ્માણી માતાનો મેળો યોજાયો

પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામના પાદરે આવેલ બ્રહ્માણી માતાના પૌરાણિક મંદિરે ૭૧ વર્ષથી મેળો ભરાય છે. જે તાજેતરમાં યોજાયો હતો. જેમાં પંથકના હજારો લોકો ઉમટી પડ્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે સમસ્ત ગ્રામજનો દ્વારા ભવ્ય શોભાયાત્રા અને પૂજા અર્ચન તેમજ રાસ ગરબા આ મેળાની વિશેષ શોભા વધારે છે. બ્રહ્માણી માતાના મંદિરે ખાસ કરીને નાના બાળકો બોલતા ન હોય કે ચોખ્ખુ ન બોલતા હોય તેવા બાળકો માટે તેમના માતાપિતા બોરની પ્રસાદીની માનતા રાખતા બાળક બોલતુ થઈ જાય છે. મહાસુદ ૧ ઉના રોજ મેળામાં બાધા પુરી કરવામાં આવે છે. ભવ્ય હવનપૂજામાં સમસ્ત ગ્રામજનો અને આ પંથકના હજારો લોકો ઉમટી પડે છે.

ચાર દિવસ પહેલા દાઝી ગયેલી ૪ વર્ષની બાળકીનું મૃત્યુ

માતાએ ભાત બનાવવા મુકયા હતા ત્યારે રમતા રમતા દીકરીનો હાથ પડતાં ગરમ પાણી શરીરે ઢોળાયું હતું : બાળકી ચાર દિવસથી જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાતી હતી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીકના ભાટ ગામમાં ચાર દિવસ અગાઉ મોડી સાંજના સુમારે રમતા રમતા રસોડામાં પહોંચેલી ૪ વર્ષીય બાળકી પર ગરમ પાણી ભરેલું તપેડલું પડતા ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાઈ હતી. જયાં તેણીનું આજે ચાર દિવસે સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયું છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આ બનાવ અંગે તપાસનો દોર શરુ કર્યો છે.

ગાંધીનગર-હિંમતનગર હાઈવે પર આવેલા માધવગઢ ગામમાં એક સપ્તાહ અગાઉ જ બે વર્ષની બાળકી પર ગરમ પાણીનું તપેલું પડતા મૃત્યુ થયાની કમકમાટીભરી ઘટના બનવા પામી હતી ત્યારે આવી જ વધુ એક ઘટના ગાંધીનગર નજીકના ભાટ ગામમાં બનવા પામી છે. ૨૦મી ફેબ્રુઆરીના રોજ સાંજે સાતેક વાગ્યે ભાટ ગામમાં રહેતી ૪ વર્ષી બાળકી રીશા મોહનરામ પોતાના ઘરે રમત રમી રહી હતી. તેણીની માતાએ ગેસ પર ભાત ચઢાવવા મુકયા હતા તેમાં પાણી ઉકળી રહ્યું હતું તે દરમિયાન રમતા રમતા રીશા રસોડામાં પહોંચી અને તેણીનો હાથ તપેલા પર પડતા તપેલું ઊંધું થઈ ગયું હતું અને ગરમ પાણી તેણીના શરીરે ઢોળાતા ગંભીર રીતે દાઝી જવા પામી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા બાદ તેણીને વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવી હતી. ચાર દિવસથી રીશા જીવન-મૃત્યુ વચ્ચે હોસ્પિટલમાં ઝોલા ખાઈ રહી હતી. દરમિયાન આજે તેણીનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું છે. અડાલજ પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી ગુનો દાખલ કરીને હે.કો. ભીખાભાઈએ બનાવની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

એસ.ટી. વર્કશોપ અને અક્ષરધામ વિસ્તારના બાળકોને પલ્સ પોલિયોમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા.૨૪

એસ.ટી. વર્કશોપ અને અક્ષરધામ વિસ્તારના ગરીબ બાળકોને રોટરી કલબના સેવાભાવી સભ્યો અને આરોગ્ય તંત્રના હેલ્થ વર્કરોએ આજે પોલિયો દિન નિમિત્તે બે ટીપા પોલિયો રસીકરણના પીવડાવ્યા હતા.

ગાંધીનગર શહેરી આરોગ્ય તંત્ર અને રોટરી કલબના સંયુકત ઉપક્રમે આજે પોલિયો દિન હોવાથી શહેરના ઝુંપડપટ્ટી વિસ્તાર તેમજ બાંધકામની સાઈટ પર જઈ બાળકોને પોલિયોના બે ટીપા પીવડાવ્યા હતા. સેવાભાવી કામમાં કલબના સભ્યો અને આરોગ્ય તંત્રના કર્મચારી સહિત અનેક હેલ્થવર્કરોએ પોતાની ફરજ બજાવી હતી. ગાંધીનગર શહેર આરોગ્ય તંત્ર અને રોટરી કલબ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત જિલ્લામાં ૮૦૦થી પણ વધુ બુથ અને મોબાઈલ ટ્રીપ દ્વારા એસ.ટી. વર્કશોપ અને અક્ષરધામના વિસ્તાર સહિત જયાં ચાલુ બાંધકામની સાઈટ પર મજુરો વ્યસ્ત હોવાને કારણે બાળકોને પોલિયોના ટીપા પીવડાવી શકતા નથી ત્યાં જઈને ટીમે પોલિયોના ટીપા પીવડાવ્યા હતા તેમજ ઝુંપડપટ્ટી વિસ્તાર અને ગરીબવર્ગના બાળકોને પણ પોલિયો પીવડાવ્યો હતો.

આ અભિયાનમાં રોટરી કલબ ગાંધીનગરના પ્રેસીડન્ટ સમીર ત્રિવેદી, ડૉ. ગુંજન જૈન, ડૉ. સુરેન્દ્ર ઉપાધ્યાય, ડૉ. ચૈતન્ય શુકલ, નંદન ઉપાધ્યાય, કમલભાઈ જૈન તથા મહાનગરપાલિકાના હેલ્થ ઓફીસર ડૉ. દિનેશભાઈ બારોટ સહિત હેલ્થ વર્કરોએ રસપૂર્વક ભાગ લઈ પોતાની સેવાઓ આપી હતી.

શબ્દાવલી - ૪૯૮૯



આડી ચાવી

૧. ચિરાયુ (૪)
૫. નાના છોકરાની રમવાની ગાડી (૪)
૭. લખાણમાં આપવું, ... આપવું (૩)
૮. નશીબ, ભાગ્ય (૨)
૯. વેદ-શાસ્ત્ર (૩)
૧૧. કાપડ બનાવતી... (૨)
૧૨. પ્રવાહી, કેરીનો... (૨)
૧૪. એકા, બાળકોને પહેલા કક્કો અને... શીખવાડાય (૨)
૧૫. સોનીયા-રાજીવ ગાંધીની પુત્રી (૫)
૧૭. સૂર્ય, ભાસ્કર (૨)
૨૦. જગત, દુનિયા (૨)
૨૧. અસમંજસ (૪)

ઊભી ચાવી

૧. ચબરખી, ટપાલ (૨)
૨. જીવ લઈ લે તેવો (૪)
૩. બિમારીથી તો..., કંટાળો (૨)
૪. થોડીકવાર (૩)
૫. છુપી વાતની માહિતી આપવી (૩)
૬. કપોલ (૨)
૯. ઈનામ (૪)
૧૦. ગરબા, ડાંડીયા (૨)
૧૩. પોતાની મતે પ્રગટ થનાર (૩)
૧૪. ધૂળની ડમરી ઉડવી (૨)
૧૬. અર્જુનનું ધનુષ્ય (૩)
૧૮. વિજળી, વિદ્યુત (૨)
૧૯. આગ, અગ્નિ (૨)

શબ્દાવલી ૪૯૮૮ના જવાબ

આડી ચાવી :- (૧) કદમબોસી (૪) મંથરા (૫) આવજા (૭) વકી (૮) ટોળકી (૯) પાર (૧૧) લાડકી (૧૨) પ્રજા (૧૩) નત (૧૪) ટકા (૧૬) સાબર (૧૮) દમામ (૧૯) તરબતર

ઊભી ચાવી :- (૧) કત્લેઆમ (૨) બોલી (૩) નિરાધાર (૪) મંકી (૬) જાટો (૭) વકીલાત (૯) પાકીટમાર (૧૦) તેજાબ (૧૨) પ્રસાદ (૧૫) કોમ (૧૭) રત (૧૮) દત

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર બ્રહ્માકુમારી કેન્દ્રની રજત જયંતિ મહોત્સવમાં ૮ કન્યાઓએ પ્રભુને જીવન સમર્પણ કર્યું

ઓમશાંતિના મંત્રને જીવનમાં ચરિતાર્થ કરી સમાજમાં વ્યાપ્ત દૂષણોને દૂર કરી આવનારા સમયમાં સ્વ કલ્યાણ જગ કલ્યાણ માટે સુપ્રસિદ્ધ એવા બ્રહ્માકુમારીના પાલનપુર કેન્દ્રની આજરોજ રજતજયંતિ મહોત્સવની ઉજવણીના પ્રસંગે ૮ કન્યાઓએ પોતાનું જીવન પ્રભુ ભક્તિમય કર્યું હતું. આ પ્રસંગને અનુરૂપ શહેરના મુખ્ય માર્ગો ઉપર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આજે આબુ હાઈવે રોડ પર ગાયત્રી મંદિર નજીક વિશાળ મેદાનમાં આ સમગ્ર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના મુખ્ય પ્રસાસીકા રતન મોહીનીજી દાદી તથા મુન્નીદીદી, ઈશુ દીદી, સરલાદીદી, શારદાબેન, ચંદ્રિકાબેન, તૃપ્તીબેન, સહિત નવી દિલ્હીથી પણ સંસ્થાના અગ્રણીઓએ સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી આવેલ ધર્મનું રાગીઓને ઈશ્વર પ્રાપ્તી સંદર્ભે વ્યાખ્યાન આપેલ હતું. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના શહેરી ગ્રામ્ય વિસ્તારની કુલ ૮ યુવતીઓએ તેમનું બાકીનું જીવન બ્રહ્માકુમારી સંસ્થાનમાં જીવવાનો પ્રભુ સમર્પણનો સંકલ્પ કરતા વાતાવરણ ધર્મમય બની ગયેલ અત્રે પૂર્વ સાંસદ હરિસિંહ ચાવડા તેમજ અગ્રણી દિલસુપભાઈ અગ્રવાલ સહિત હજારો લોકો હાજર રહ્યા હતા.

વગદાર નેતાઓ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફાયદો થયો છે. પરિવર્તન પાર્ટીના કેશુભાઈ પટેલે ભાજપ છોડ્યા પછી પાર્ટીમાં લેઉઆ પાટીદારોમાં વગદાર નેતાનો અભાવ હતો, જે વિઠ્ઠલ રાદડિયાથી સરભર થઈ શકે છે તેવું પાર્ટીના પ્રદેશ નેતાઓ માને છે. સૂત્રો કહે છે કે કોંગ્રેસના કોળી નેતા સોમાભાઈ પટેલ અને કુંવરજી બાવળીયા પણ ભાજપની નજરથી બાકાત રહ્યા નથી.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને ટારગેટ પ્રમાણેની બેઠકો મળે તે માટે અત્યારથી જ પાર્ટીમાં વગદાર નેતાઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પાર્ટીના સૂત્રો જણાવે છે કે ભાજપ લોકસભાની ૨૩ બેઠકો જીતવાનો ટારગેટ રાખે છે. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૧૪ અને કોંગ્રેસને ૧૨ બેઠકો મળી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને રાષ્ટ્રીય રાજકારણમાં લઈ જવામાં આવે તો ગુજરાતનું પરફોર્મન્સ ઉત્તમ હોવું જોઈએ તેવું પ્રદેશના નેતાઓ માને છે. આ હેતુથી કોંગ્રેસના વગદાર નેતાઓ ઉપર નજર દોડાવવામાં આવી છે.

ગુજરાતમાં ૧૯૮૫ પછી કોંગ્રેસને સંપૂર્ણ સત્તા મળી નથી. ૧૯૯૦માં જનતાદળ અને કોંગ્રેસની મીલીજુલી સરકાર હતી. એટલે એવું કહેવાય છે કે કોંગ્રેસ છેલ્લા ૨૮ વર્ષથી સત્તા વંચિત છે. આટલા વર્ષોમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં કોંગ્રેસને વધારે સફળતા મળી નથી તેનું એકમાત્ર કારણ તૂટતી જતી વોટબેન્ક છે. ૧૯૮૫ સુધી કોંગ્રેસ પાસે એસટી, એસસી, ઓબીસી અને મુસ્લિમ વોટબેન્ક મજબૂત હતી આજે આ વોટબેન્ક ભાજપ તરફ સરકી ચૂકી છે.

કોંગ્રેસના ગઢ ગણાતા સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત ધીમે ધીમે ખતમ થઈ રહ્યાં છે. ખાસ કરીને શહેરોના મતદારો ઉપર કોંગ્રેસની પકડ ઘણી ઓછી થઈ ગઈ છે. હવે કોંગ્રેસના મજબૂત નેતાઓ ભાજપ તરફ સરકી રહ્યાં છે.

કોંગ્રેસની ખામીઓ, ચૂંટણીલક્ષી વ્યૂહરચનામાં નિષ્ફળતા અને ઉમેદવાર પસંદગીમાં બેદરકારી જેવા કારણોએ ગુજરાતમાં કોંગ્રેસનું નામું નંખાવી દીધું છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારો બીનહરીફ બને તેનાથી વધારે શર્મનાક ઘટના કોંગ્રેસમાં શું હોઈ શકે છે. પાર્ટીએ તેની નિતીઓ અને દિશામાં પરિવર્તન કરવાની આવસ્યકતા ઉભી થઈ છે. જાણકાર સૂત્રો કહે છે કે પ્રદેશ માળખાને મજબૂત નહીં બનાવાય તો કોંગ્રેસ ગુજરાતમાં નામશેષ પાર્ટી રહી જશે.

છેલ્લી ચાર વિધાનસભા અને બે લોકસભાની ચૂંટણીમાં ઉડીને આંખે વળગે તેવી એક બાબત એવી સામે આવી છે કે કોંગ્રેસના ઉમેદવારોને ભાજપના ઉમેદવારો નહીં પણ કોંગ્રેસના નેતાઓ જ હરાવે છે, જેનો સીધો ફાયદો ભાજપને મળે છે. બીજું, ગુજરાતના મતદારો એટલા બધાં જાગૃત બની રહ્યાં છે કે જે પાર્ટીને સત્તા મળી શકે તેવી છે તેવી પાર્ટીના ઉમેદવારને વિજયી બનાવે છે. ગુજરાતમાં જ્ઞાતિવાદનું જોર છે પણ કોંગ્રેસ તેને હસ્તગત કરી શકી નથી. એક માત્ર નરેન્દ્ર મોદીને નિશાન બનાવીને કોંગ્રેસના પ્રદેશ અને રાષ્ટ્રીય નેતાઓએ મોદીને લોકોની અનહદ સહાનુભૂતિ અપાવી છે.

હેલીકોપ્ટની સુવિધા..

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે મંજૂરી આપી દીધી છે અને આગામી વર્ષના બજેટમાં ૨૭.૭૭ કરોડની રકમ ફાળવવામાં આવી છે. આ સ્થળોએ સવોસ (એસએડબલ્યુઓએસ)પુરા પાડવાની દરખાસ્ત છે. એટીસી નિયંત્રક ન હોય ત્યાં માનવહીન નાના હવાઈમથકો હેલીપોર્ટસ માટે આ સુવિધા છે. હવાઈ પટ્ટીઓના બાંધકામ માટે જમીન સંપાદન કરવામાં આવશે અને તેના માટે ચાર કરોડનો ખર્ચ થશે. ગુજરાતમાં એવિયેશન પાર્ક ઉભો થાય તેવી દરખાસ્તને સરકારે અનુમતિ આપી છે. આ પાર્કથી ઉડ્ડયન પ્રવૃત્તિ વિશે લોકોને શિક્ષિત કરવામાં આવશે.

પ્રાંતિજમાં ૧૬મુ શૈક્ષણિક અધિવેશન યોજાયું

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘ અને જિલ્લા શિક્ષણાધિકારી હિંમતનગર કચેરીના સંયુકત ઉપક્રમે પ્રાંતિજની ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલ ખાતે વર્ષ-૨૦૧૩નું ૧૬મુ શૈક્ષણિક અધિવેશન અને વિશિષ્ટ સન્માન સમારોહ યોજાયો હતો.

આ શૈક્ષણિક અધિવેશન અધ્યક્ષપદે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના અશ્વિનભાઈ જોષી અને ઉદ્ઘાટક પદે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારીયા ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું. અને શિક્ષણમાં વિશિષ્ટ સેવાઓ આપનારા તજજ્ઞો, સંઘના હોદ્દેદારો, અનેક મહાનુભાવોને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી જ્યોતિબેન સોલંકી, વસંતભાઈ પટેલ કોષાધ્યક્ષ મીઠાભાઈ પટેલ, કામેશ્વર પ્રસાદ અને હર્ષદ રાવલ સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

પ્રમાણપત્રો માટે અરજી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્ર એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર ધરાવે છે.

મળતી વિગતો પ્રમાણે એન.એ.બી.એચ. પ્રમાણપત્ર માટેની દરખાસ્તો ૧૫મી માર્ચ સુધીમાં તૈયાર કરી અને તે મોકલી દેવામાં આવશે અને આ દિશામાં તંત્ર એ તડામાર તૈયારીઓ પણ આરંભી દીધી છે. આરોગ્ય તંત્ર દ્વારા આ માટે સમયાંતરે સમીક્ષાઓ કરી અને જે અહેવાલો તૈયાર થયા છે તેને ધ્યાને રાખી તંત્ર એ આ નિર્ણય કર્યો છે.

પ્રા.આ. કેન્દ્રોના ગેપ એનાલીસીસ રિપોર્ટ તૈયાર થઈ ચુકયા છે તેમજ જે કંઈ ત્રુટીઓ જણાઈ છે તે દૂર કરવાની કામગીરી હાલ ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો મુજબ ૧૦મી માર્ચની આસપાસ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા આ અંગે ઝીણવટભરી સમીક્ષા થશે અને ત્યારબાદ તે દરખાસ્તોને આખરી ઓપ આપી રજુ કરી દેવામાં આવશે.

પ્રા.આ. કેન્દ્રોમાં સ્ટાફ પુરતો ઉપલબ્ધ છે તેમજ સેવાઓ પણ ગુણવત્તાસભર આપવામાં આવી રહી છે અને આ માટે જરૂરી તમામ સહાય અને ફંડ દરેક કેન્દ્રને આપવામાં આવ્યું છે. જિલ્લામાં ૨૪ પ્રા.આ. કેન્દ્રો છે જેમાંથી ૨૦ માટે એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મેળવવા દરખાસ્ત કરવામાં આવનાર છે. આરોગ્ય તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ માટે કર્મચારીઓને તાલિમ પણ આપી દેવામાં આવી છે તેમજ 'પાંચ ખેલ' અંતર્ગત તમામ કેન્દ્રોમાં અભિયાન કરી તૈયારીઓ કરી દેવામાં આવી છે.

અંગત રક્ષકોમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપી અપડેટ રાખીએ છીએ તો તે ખુબ ગંભીરતાપૂર્વક તેના પર વિચાર કરે છે અને જરૂર જણાય તો પગલાં પણ લે છે. મહારાણીના સુરક્ષા કવચમાં અમે સૌથી પહેલા હોવાથી ખુબ કાળજી રાખવી પડે છે. સાથે સાથે કડક પ્રોટોકોલનો અમલ કરી હંમેશા યુનિફોર્મમાં અપટુડેટ રહેવુ પડે છે.

યુ.કે.માં પોલીસમેનની નિવૃત્તિ વય મર્યાદા ૫૫ વર્ષની હોઈ અજીતભાઈ બે વર્ષ બાદ નિવૃત્ત થઈ રહ્યા છે. તેઓએ ગુજરાતની કોસમોસ સિક્યોરીટી સાથે મળીને મેટ્રો પ્રોટેક્શન સર્વિસિસની સ્થાપના કરી છે. નિવૃત્તિ બાદ તેઓ અહીં આવી આ કંપનીમાં સિક્યોરીટી ઓફિસરોને તાલીમ આપવાનું કાર્ય કરશે.